Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

ક્રમાંક:-કેસીજી/૨૦૧૯-૨૦/ 2624
તા:-૧૭/૦૯/૨૦૧૯

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
તમામ સ્ટેટ અને પ્રાઇવેટ યુનિવર્સીટી, ગુજરાત રાજ્ય

વિષય:-વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ટેબલેટ યોજના બાબત.

મહોદય,

રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની માન્ય બોર્ડની પરીક્ષામાં ઉતિર્ણ થનાર અને ગુજરાત રાજ્યમાં માન્ય સરકારી/ખાનગી યુનિવર્સીટીમાં સ્નાતક, ડીપ્લોમા,નર્સિંગ,તથા ડી.એલ.ડી. કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે અધતન ટેક્નોલોજી ધરાવતું ટેબ્લેટ રૂ.૧૦૦૦-/ના ટોકન દરે આપવાની યોજના વર્ષ ૨૦૧૭થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના વર્ષ ૨૦૧૯-૨૦ માટે પણ ચાલુ રાખવા માટે નિર્ણય થયેલ છે અને વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સંલગ્ન યુનિવર્સીટી/કોલેજ/નોડલ એજન્સી મારફત ટેબલેટ મળવાપાત્ર છે. વિધાર્થીઓને ટેબલેટ માટે યુનિવર્સીટી/સંસ્થા સ્તરેથી ટેબલેટ રજીસ્ટ્રેશનની કામગીરી હાથ ધરવાની થાય છે. પ્રસ્તુત બાબતે આપશ્રીની યુનિવર્સીટી સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ ટેબલેટ ઈચ્છુક વિદ્યાર્થીઓની રૂ.૧૦૦૦/- ટોકન રકમ જમા લઇ તેઓની નોંધણીની વિગતો તાત્કાલિક www.digitalgujarat.gov.in વેબપોર્ટલ ઉપર સબમીટ કરવા અને ટેબલેટ ડીલીવર થયે ટેબલેટ મોડેલ અને સીરીયલ નંબરની વિગતો પણ આ જ વેબપોર્ટલ ઉપર સબમીટ કરવા ગત વર્ષે જે પદ્ધતિ અનુસરવામાં આવેલ તે જ પધ્ધતી પ્રમાણે આ વર્ષે પણ અનુસરવાની રહે છે. આથી વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ અને ટેબલેટ મેળવવાપાત્ર તમામ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન સત્વરે થાય તે મુજબ આપશ્રીની યુનિવર્સીટી સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓને જાણ કરી આ યોજનાનો સફળ અમલ થાય તે માટે ઘટતી કાર્યવાહી હાથ ધરવા આથી વિનંતી કરવામાં આવે છે.

યુનિવર્સીટી/કોલેજો દ્વારા રજૂઆત થયેલ છે કે તેમના વિધાર્થીઓની વિગત ડીજીટલ ગુજરાત પોર્ટલ પર રજીસ્ટર કરતાં તેઓના આધાર કાર્ડ પોર્ટલ પર મિસ મેચ થાય છે તેમજ ધોરણ ૧૨ની પુરક પરીક્ષા જુલાઈ ૨૦૧૯માં પાસ કરી ચાલુ વર્ષે કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓનું ડીજીટલ ગુજરાત પોર્ટલમાં રજીસ્ટ્રેશન થતું નથી.આ નીચેના કારણોના લીધે થાય છે.

૧.વિધાર્થીની ધોરણ ૧૨ની માર્કશીટમાં અને વિધાર્થીના આધાર કાર્ડમાં નામ અલગ અલગ હોવાના કારણે આ મુશ્કેલી આવે છે. જે વિધાર્થી દ્વારા નજીકના આધાર સેન્ટરમાં જઈ હલ કરી શકાય છે.

૨.ધોરણ ૧૨ની જુલાઈ ૨૦૧૯ની પુરક પરીક્ષાનું પરિણામ હજુ એક મહિના પહેલા જ આવેલ છે અને ત્યારબાદ વિધાર્થીઓ દ્વારા પરિણામ પુન:ચકાસણી માટે પણ રજૂઆત આવે છે. પરિણામે, પુન:ચકાસણીમાં સુધારેલા પરિણામ અંતિમ થયેથી માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઉક્ત પરિણામોની સોફ્ટ કોપી આપવામાં આવે છે જેને ડીજીટલ ગુજરાતના પોર્ટલમાં અપલોડ કરવામાં આવે છે. માટે હજુ સુધી તે પરિણામની સોફ્ટ કોપી આપણને મળેલ નથી. પરંતુ દિન ૧૫માં આ પ્રશ્ન પણ હલ કરી દેવામાં આવશે.

આભાર સહ,

પ્રો.એ.યુ.પટેલ, 17-9-19
એડવાઈઝર કેસીજી,
પૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સીટી

Pragna Puram, Opp. PRL, Near L D College of Engineering, Ahmedabad-380 015.
Ph. : 079-26302077 • Fax : 079-26302067 • Website : www.kcg.gujarat.gov.in